# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૮ તા.૦૪-૦૮-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- બાળમેળો તથા લાઈફ સ્કીલ બાળમેળો ૨૦૨૩-૨૪ યોજવા બાબત.
સંદર્ભ :- ક્રમાંક : જશભ / બાળમેળા / ૨૦૨૩-૨૪ / ૧૩૮૨-૧૩૮૭ તા.૩૧-૦૭-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત બેગલેશ દિવસોને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓના જીવન કૌશલ્યને ખિલવવા ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય બાળમેળા અને ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

સદર બાળમેળાનું આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે આયોજન કરવા જણાવવામાં આવે છે. આ અંગેની ગ્રાન્ટ યુ.આર.સી./સી.આર.સી.ના ખાતામાં જમા આપવામાં આવશે. આ બાળમેળાના આયોજનના ફોટોગ્રાફસ અને અહેવાલ સી.આર.સી. મારફત ઝોન ઓફિસમાં આપવાના રહેશે અને ઝોન ઓફિસ દ્વારા એક કોપી ડાયેટ ખાતે આપવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| **'બાળમેળા યોજવાની તારીખ :** | પ્રાથમિક કક્ષા | ધો.૧ થી ૫ | તા.૦૯-૦૮-૨૦૨૩ |
| | ઉચ્ચ પ્રાથમિક કક્ષા | ધો.૬ થી ૮ | તા.૧૦-૦૮-૨૦૨૩ |

| | | |
|---|---|---|
| **'ટોક શૉના સુચિત વિષય :** | ૧. મારા સપનાનું ભારત | ૨. મારી શાળા-મારા વિચારો |
| | ૩. પર્યાવરણ બચાવો-દેશ બચાવો | ૪. મારી સામાજીક ફરજ |

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૪-૦૮-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પ્રાચાર્ય

ક્રમાંકઃજશભ/બાળમેળા/૨૦૨૩-૨૪/૧૩૮૨-૧૩૮૭
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ફોન / ફેકસઃ (૦૭૯) ૨૯૭૯૬૭૫૫
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in
**Web : www.dietahmdcity.org**
તારીખઃ ૩૧/૦૭/૨૦૨૩

---

પ્રતિ,
શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ,
અમદાવાદ

વિષયઃ- બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળા ૨૦૨૩-૨૪ યોજવા બાબત
સંદર્ભઃ- જીસીઇઆરટીના પત્રાંકઃ જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૩-૨૪/૨૦૯૪૪-૭૭ તા. ૨૦/૦૭/૨૦૨૩

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં ભલામણ કી છે કે કલા કવીઝ રમત અને વ્યાવસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગ લેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ બેગ લેસ દિવસના ભાગરૂપે ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

જીસીઇઆરટી દ્વારા વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્યોની ખીલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિઓ બે વિભાગમાં આયોજિત કરવામાં આવેલ છે. જે પૈકી ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું રહેશે.

## બાળમેળા આયોજન માટે માર્ગદર્શક સૂચનાઓઃ-

૧. વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, નગર શિક્ષણ સમિતિની શાળાઓ, આશ્રમ શાળાઓ, મોડેલ સ્કૂલ, કેજીબીવી અને ગ્રાન્ટેડ શાળાઓમાં બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળાનું આયોજન કરવાનું રહેશે.
૨. બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય અને આનંદદાયી અને પ્રવૃતિલક્ષી શિક્ષણ મળે તે પ્રકારનું આયોજન કરવું.
૩. બાળકો માટે બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યાર બાદ બધી પ્રવૃતિઓમાં બધા બાળકો ભાગ લે તે પ્રકારનું આયોજન કરવાનું રહેશે.
૪. બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળામાં “ટોક શો” નામથી પ્રવૃતિઓમાં નીચે આપેલ નમૂનાના વિષયો આપી શકાશે.

### “ટોક શો” ના સૂચિત વિષયોઃ-

| | |
|---|---|
| ૧. મારા સપનાનું ભારત | ૨. મારી શાળા – મારા વિચારો |
| ૩. પર્યાવરણ બચાવો – દેશ બચાવો | ૪. મારી સામાજિક ફરજ |

### બાળમેળા યોજવાની તારીખોઃ-

| | | |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા – | ધોરણ ૧ થી ૫ | તારીખ ૯/૮/૨૦૨૩ |
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા – | ધોરણ ૬ થી ૮ | તારીખ ૧૦/૮/૨૦૨૩ |

ગ્રાંટ ફાળવણીની વિગતઃ-

| ફકત ધો. ૧ થી ૫ ધરાવતી શાળાઓ | | ફકત ધો. ૧ થી ૮ ધરાવતી શાળાઓ | | ફકત ધો. ૬ થી ૮ ધોરણની શાળાઓ | |
|---|---|---|---|---|---|
| શાળા દીઠ | વિદ્યાર્થી દીઠ | શાળા દીઠ | વિદ્યાર્થી દીઠ | શાળા દીઠ | વિદ્યાર્થી દીઠ |
| રૂ. ૨૩૫/- | રૂ. ૪/- લેખે | રૂ. ૪૭૦/- | રૂ. ૪/- લેખે | રૂ. ૨૩૫/- | રૂ. ૪/- લેખે |

૫. બાળમેળા અને લાઇફસ્કીલ બાળમેળા યોજાઇ ગયા બાદ શાળા કક્ષાના ખર્ચની માહિતી / યુટીલાઇઝેશન સર્ટીફીકેટ તમામ બીઆરસી / યુઆરસી એ મેળવીને ડાયેટ ખાતે જમા કરાવવાનું રહેશે.

૬. બાળમેળાના વિડીયો, ફોટોગ્રાફસ, એકત્ર કરીને શાળાવાર અને ઝોન / તાલુકા વાર અહેવાલ બનાવવાનો રહેશે અને એક કોપી ડાયેટ ખાતે જમા કરાવવાની રહેશે.

૭. બાળમેળાની ગ્રાંટ યુઆરસી/બીઆરસી ના ખાતામાં સીધી જમા કરાવવામાં આવે છે જે શાળાદીઠ RTGS થી ગ્રાંટ ફાળવીને તેની એક કોપી ડાયેટને મોકલવાની રહેશે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના જાણ સારૂઃ-

૧. માન. સચિવશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર.

નકલ રવાના જાણ તથા અમલ સારૂંઃ-

યુઆરસી, તમામ, નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ